મુંબઈ નજીક ટ્રેન અકસ્માત

નાસીક, તા.૨૦

મુંબઈ નજીક વિદર્ભ એક્સપ્રેસ એક લોકલ ટ્રેન સાથે અથડાઈ જતાં ત્રણ વ્યક્તિનું મોત થયું છે અને અન્ય ૩૦ લોકો ઘાયલ થયા છે. ઘાયલ થયેલા યાત્રી પૈકી કેટલાકની હાલત ગંભીર જણાવવામાં આવી રહી છે જેથી મોતનો આંકડો વધવાની દહેશત દેખાઈ રહી છે. ગુરુવારે મોડી રાત્રે કસારા નજીક વિદર્ભ એક્સપ્રેસ લોકલ ટ્રેનને ટકરાઈ ગઈ હતી. આ બનાવ બનતા રેલવે તંત્રમાં ભાગદોડ મચી ગઈ હતી. નવી દિલ્હીમાં રેલવે બોર્ડના ચેરમેન વિનય મિત્તલે પત્રકારો સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે કસારાથી કલ્યાણ જતી ઈએમયુ ટ્રેનના ૧૧ ડબ્બા પાટા પરથી ખડી પડ્યાં બાદ આ બનાવ બન્યો હતો. ભેખડ ધસી પડવાના કારણે આ બનાવ બન્યો હોવાનું જાણવા મળ્યું છે. ખડી પડેલી ઈએમયુના લીધે નજીકના ટ્રેક ઉપર ડબ્બા આવી ગયા હતા. નજીકના ટ્રેક ઉપરથી વિદર્ભ એક્સપ્રેસ પસાર થઈ રહી હતી. વિદર્ભ એક્સપ્રેસ મુંબઈથી ગોન્ડિયા તરફ જઈ રહી હતી એ જ વખતે ખડી પડેલા ડબ્બા સાથે ટકરાઈ ગઈ હતી. આ બનાવ મોડી રાત્રે બન્યો હતો. વિદર્ભ એક્સપ્રેસના ડ્રાઈવરે ટ્રેક ઉપર કોઈ અડચણો હોવાની નોંધ લીધી હતી અને ઈમરજન્સી બ્રેકનો ઉપયોગ પણ કર્યો હતો જેના લીધે તેના કોચ એસ-૯ અને એસ-૧૦ રેલવે ટ્રેક પરથી ઉતરી પડ્યા હતા અને ખડી પડેલા ડબ્બા સાથે અથડાયા હતા. બનાવની જાણ થતાં તબીબી ટીમ પણ ઘટના સ્થળે પહોંચી હતી. મિત્તલે કહ્યું હતું કે કમીશનર ઓફ સેફ્ટી (રેલવે) આ બનાવમાં તપાસ કરશે. રેલવે પ્રધાન મુકુલ રોયે મૃતકના નજીકના સંબંધીને પાંચ લાખ રૂપિયા આપવાની જાહેરાત કરી છે જ્યારે ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોને એક લાખ રૂપિયા અને ઈજા પામેલા લોકોને ૨૫-૨૫ હજાર રૂપિયા આપવાની જાહેરાત કરી છે. સેન્ટ્રલ રેલવે તરફથી જારી કરવામાં આવેલા નિવેદનામાં જણાવવામાં આવ્યું છે કે મુંબઈ ડીવીઝનના કલ્યાણ ઈગતપુરી સેકસન ઉપર કસારા અને અમ્બરમાલી વચ્ચે આ બનાવ બન્યો હતો. બનાવ અંગે માહિતી મેળવવા ઈચ્છાતા લોકો માટે હેલ્પલાઈન નંબરની શરૂઆત કરવામાં આવી છે. હેલ્પ લાઈન નંબર મુંબઈ માટે ૦૨૨-૨૨૬૯૪૦૪૦ છે. જ્યારે નાગપુર માટે ૧૦૭૨૦ છે.

સેન્ટ્રલ રેલવેના સૂત્રોના જણાવ્યા મુજબ ભારે વરસાદના કારણે બચાવ અને રાહત કામગીરી આડે અચડણો આવી રહી છે. ઈજાગ્રસ્તોને કસારા પ્રાઈમરી હેલ્થસેન્ટરમાં અને શાહપુર રૂરલ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં સેન્ટ્રલ રેલવેના કલ્યાણ-કસારા સેક્સન પર ટ્રાફીક જામની સ્થિતિ સર્જાઈ ગઈ હતી. બીજી બાજુ ટ્રેન સેવાને પણ અસર થઈ હતી. શનિવાર સવાર સુધી રેલવે વ્યવહાર પુન સામાન્ય બને તેવી શકયતા છે. લાંબા અતરની ટ્રેનોના રૂટ બદલવામાં આવ્યા છે. ટ્રેક ઉપર ખડી પડેલી લોકલ ટ્રેનને નિહાળ્યા બાદ ઈમરજન્સી બ્રેકનો વિધર્વ એક્સપ્રેસના ડ્રાઈવરે ઉપયોગ કરતા આ બનાવ બન્યો હતો. અકસ્માત વિરોધી સાધનથી દુર્ઘટના ટળી હોત કે કેમ તે અંગે પૂછવામાં આવતા સેન્ટ્રલ રેલવે જનરલ મેનેજર સુબોધ જૈને કહ્યું હતું કે ખૂબ ઓછા સમયની અંદર આ પ્રકારના બનાવને રોકવા મુશ્કેલ છે. મુંબઈ-ભુષાવર પેસેન્જર અને તેની રિટર્ન સેવા રદ કરવામાં આવી છે જ્યારે ગોરખપુર-એલટીટી સુપર ફાસ્ટ ટ્રેનને નાસીક ખાતે રોકી દેવામાં આવી છે. સિકંદરાબાદ-મુંબઈ દેવગીરી એક્સપ્રેસને માનમેડ સુધી રોકી દેવામાં આવી છે.

દુર્ઘટનાની સાથે સાથે

- મુંબઈ-કસારા માર્ગ પર દુર્ઘટના થઈ
- લોકલ ટ્રેન અને વિદર્ભ એક્સપ્રેસ વચ્ચે ટક્કર થઈ
- કસારાથી કલ્યાણ તરફ જઈ રહેલી ઈએમયુના ૧૧ ડબ્બા ખડી પડ્યા હતા
- પાટા પરથી ખડી પડેલા ટ્રેનના ડબ્બાની પાસેથી વિદર્ભ એક્સપ્રેસ પસાર થતાં દુર્ઘટના
- એસ-૯ અને એસ-૧૦ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા
- ઈમરજન્સી બ્રેકનો ઉપયોગ કરતા દુર્ઘટના થઈ
- માર્યા ગયેલા લોકોના પરિવારજનોને પાંચ-પાંચ લાખ આપવાની જાહેરાત
- ગંભીર રીતે ઘાયલ થયેલા લોકોને એક-એક લાખ અપાશે
- આંશીક રીતે ઘાયલ થયેલા લોકોને ૨૫-૨૫ હજાર અપાશે
- દુર્ઘટનાના કારણે ૧૨ ટ્રેનો રદ કરાઈ ઘણી ડાયવર્ટ કરાઈ

એનડી તિવારીને હાઈકોર્ટે ફટકો આપ્યો

નવીદિલ્હી, તા.૨૦

દિલ્હી હાઈકોર્ટે આજે વરિષ્ઠ કોંગ્રેસી નેતા નારાયણદત્ત તિવારીનાં બ્લડની ચકાસણી સાથે સંબંધિત ડીએનએ રિપોર્ટને ગુપ્ત રાખવા અને તેમની સામે દાખલ કરવામાં આવેલાં પિતૃત્વ મામલાની સુનાવણી બંધ બારણે કરવાની માંગણીને ફગાવી દીધી હતી. આની સાથે જ એન.ડી.તિવારીને મોટો ફટકો પડ્યો હતો. જસ્ટીસ રેવા ખેત્રપાલે તિવારીની અરજી ફગાવી દઈને કહ્યું હતું કે, ગુપ્તતા જાળવી રાખવા સંબંધિત સુપ્રિમ કોર્ટનો ૨૪ મેનો આદેશ ડીએનએ તપાસ માટે બ્લડનાં નમૂના લેવા અને હાઈકોર્ટને રિપોર્ટ આપવા સાથે સંબંધિત હતો. જસ્ટીસ ખેત્રપાલે કહ્યું હતું કે, સુપ્રિમ કોર્ટનાં આદેશનો ખોટો અર્થ કાઢવો યોગ્ય નથી. નારાયણદત્ત તિવારીને દિલ્હી હાઈકોર્ટનાં આદેશથી ફટકો પડ્યો છે. કોર્ટે ડીએનએ રિપોર્ટ ગુપ્ત

રાખવાની તિવારીની અરજીને ફગાવી દીધી હતી. ડીએનએ તપાસનાં સંબંધમાં તિવારીએ તર્કદાર દલીલો કરી હતી. હાઈકોર્ટે ડીએનએ રિપોર્ટ ખોલવા માટે ૨૭ જુલાઈ નક્કી કરી છે. ૮૭ વર્ષીય તિવારીએ પોતાની અરજીમાં દાવો કર્યો હતો કે, ટોચની અદાલતનાં આદેશમાં પિતૃત્વ મામલાની સુનાવણી પૂરી ના થાય ત્યાં સુધી ડીએનએ રિપોર્ટ ગુપ્ત રાખવાનું કહેવામાં આવ્યું હતું. તિવારીએ એમપણ કહ્યું હતું કે, તમામ સંબંધિત પક્ષોને સુપ્રિમ કોર્ટ દ્વારા આપવામાં આવેલાં આદેશોને પાળવાનું કહેવામાં આવે. ડીએનએ રિપોર્ટ સંપૂર્ણપણે સીલબંધ રાખવા માટે પણ કહેવામાં આવ્યું હતું. તિવારીએ ૨૯ મેનાં દિવસે ડીએનએ તપાસ માટે બ્લડનાં નમૂના આપ્યા હતાં. સુપ્રિમ કોર્ટનાં આદેશ બાદ જ બ્લડનાં નમૂના આપવા પડ્યા હતાં.

પૂર્વ સેના વડા સિંહ અને અન્ય ચારને અંતે જામીન

નવીદિલ્હી, તા.૨૦

સેનાનાં ભૂતપૂર્વ વડા વી.કે.સિંહ અને વાઈસચીફ ઓફ આર્મીસ્ટાફ સહિત ચાર ટોચનાં સર્વિંગ ઓફિસર આજે દિલ્હી કોર્ટ સમક્ષ ઉપસ્થિત થયા હતાં. સેનાનાં ભૂતપૂર્વ વડા વી.કે.સિંહ અને અન્ય ચારની બદનક્ષીનાં કેસમાં જામીન મળી ગયા હતાં. વી.કે.સિંહ ઉપરાંત વાઈસ ચીફ ઓફ આર્મી સ્ટાફ એસ.કે.સિંહ, લેફ્ટ.જનરલ બી.એસ.ઠાકુર, મેજર જનરલ એલ.લક્ષ્મીનરસીમન, લેફ્ટ.કર્નલ હિતેનનો સમાવેશ થાય છે તેજિન્દરસિંહ દ્વારા દાખલ કરવામાં આવેલાં કેસનાં સંબંધમાં આ તમામ લોકો ઉપસ્થિત રહ્યા હતાં. આ તમામને મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટે રૂપિયા ૨૦-૨૦ હજારનાં પર્સનલ બોન્ડ પર જામીન આપ્યા હતાં. તેમની ફરિયાદમાં નિવૃત્ત લેફ્ટ.જનરલ તેજિન્દરસિંહે આક્ષેપ કર્યો હતો કે, આરોપીઓએ સત્તાવાર હોદ્દાનો દુરુપયોગ કર્યો હતો. તેમની સામે ખોટાં આરોપો મૂકવાનો આક્ષેપ કરાયો હતો. તેજિન્દરસિંહે ફરિયાદ દાખલ કરીને એમપણ કહ્યું હતું કે, અખબારી યાદી મારફતે સેના દ્વારા તેમને બદનામ કરવામાં આવ્યા છે. વી.કે.સિંહે એમ કહીને અગાઉ ખળભળાટ મચાવ્યો હતો કે, ૬૦૦ ટ્રકની સોદાબાજીને મંજુરી આપવા તેમને ૧૪ કરોડની લાંચની ઓફર કરવામાં આવી હતી.

સુભાષચંદ્ર બોઝનાં નજીકનાં સાથી કેપ્ટન લક્ષ્મી સહગલની હાલત ગંભીર

નવીદિલ્હી, તા.૨૦

સુભાષચંદ્ર બોઝનાં નજીકનાં સાથી કેપ્ટન લક્ષ્મી સહગલની હાલત ગંભીર છે. હૃદયરોગનો હુમલો થયા બાદ તેમની હાલત ગંભીર બનેલી છે. પરિવારનાં સૂત્રોએ જણાવ્યું છે કે, તેમની હાલતમાં કોઈ સુધારો થઈ રહ્યો નથી.

સહગલની પુત્રી સુહાસિની અલીએ કાનપુરમાં પત્રકારો સાથે વાતચીત કરતાં આ અંગેની માહિતી આપી હતી. અલીએ કહ્યું હતું કે, તેમને આઈસીયુમાં રાખવામાં આવ્યા છે અને તેઓ તબીબોની ટુકડીની દેખરેખ હેઠળ છે. ૯૭ વર્ષીય સહગલ છેલ્લાં ઘણાં સમયથી બીમાર છે. લક્ષ્મી સહગલને ગુરૂવાર સવારે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. સિવિલ લાઈન વિસ્તારમાં તેમનાં નિવાસસ્થાને હાર્ટએટક આવ્યા બાદ ગુરૂવાર સવારથી દાખલ કરાયા બાદથી તેમની હાલત યથાવત્ ગંભીર બનેલી છે. સીપીઆઈએમનાં જનરલ સેક્રેટરી પ્રકાશ કરાત અને સીપીઆઈએમનાં પોલિટબ્યુરોનાં સભ્યો વૃંદા કરાતે હોસ્પિટલમાં મુલાકાત લીધી હતી અને તેમનાં આરોગ્યની સ્થિતિ અંગે માહિતી મેળવી હતી. કેપ્ટન લક્ષ્મી સહગલ ભારતની સ્વંતત્રતા ચળવળમાં સક્રિય રહ્યા હતાં. સુભાષચંદ્ર બોઝ દ્વારા રચવામાં આવેલી 'આઈએનએ'ની રાની ઝાંસી રેજિમેન્ટની રાણીનું નેતૃત્વ કર્યું હતું. પ્રોફેશનથી તબીબ આ મહિલા મેડિકલ પ્રેક્ટિસનર તરીકે પણ કામ કરી ચૂક્યાં છે. ૧૯૯૮માં પદ્મવિભૂષણથી તેમને સન્માનિત કરવામાં આવ્યા હતાં. કેપ્ટન લક્ષ્મી સહગલે સ્વતંત્રતા ચળવળમાં ભાગ લઈને સુભાષચંદ્ર બોઝની ટીમમાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરી હતી. આઝાદી અપાવવામાં તેમની ભૂમિકાને લોકો ચોક્કસપણે યાદ કરે છે.

ભારત અને શ્રીલંકાની વચ્ચે આજે પ્રથમ વન-ડે જંગ

કોલંબો, તા. ૨૦

ક્રિકેટ પ્રેમીઓ જેની ઉત્સુક્તાપૂર્વક રાહ જોઈ રહ્યા છે તે ભારત અને શ્રીલંકા વચ્ચે ક્રિકેટ શ્રેણી આવતીકાલથી શરૂ થઈ રહી છે. આવતીકાલે પ્રથમ વનડે મેચ સાથે પાંચ વનડે મેચોની શ્રેણીની શરૂઆત થશે. ત્યારબાદ એક ટ્વેન્ટી-૨૦ મેચ પણ રમાશે. દોઢ મહિનાના બ્રેક બાદ ભારતીય ક્રિકેટરો આંતરરાષ્ટ્રીય મેચમાં ઉતરવા જઈ રહ્યા છે. ભારતીય કેપ્ટન મહેન્દ્રસિંહ ધોની પહેલાથી જ કહી ચુક્યો છે કે આ શ્રેણીમાં જીત મેળવીને નવી સિઝનની શરૂઆત કરીશું. ધોની ઉપરાંત અન્ય ખેલાડીઓ પણ લાંબા બ્રેક બાદ શ્રેષ્ઠ દેખાવ કરવા સંપૂર્ણપણે તૈયાર છે. ભારતીય ક્રિકેટ ટીમનો કાર્યક્રમ ખૂબ જ વ્યસ્ત છે. ચાલુ વર્ષે સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં ટ્વેન્ટી-૨૦ કપ યોજાનાર છે. આનું આયોજન પણ શ્રીલંકામાં થનાર છે. જો કે ભારતીય ક્રિકેટ ટીમ હાલમાં માત્ર વનડે શ્રેણી ઉપર ધ્યાન કેન્દ્રીત કરવા માંગે છે.

ટ્વેન્ટી-૨૦ કપ આડે હજુ સમય છે જેથી માત્ર આ શ્રેણી વિજય ઉપર ધ્યાન કેન્દ્રીત અમે કરી રહ્યા છે. ધોનીએ કહ્યું છે કે હાલની ટીમમાં જે ખેલાડીઓ છે તે તમામ ખેલાડીઓ ટ્વેન્ટી-૨૦ વર્લ્ડકપની સંભવિત ટીમમાં પણ સામે છે. પાંચ વનડે મેચોની શ્રેણીને લઈને ક્રિકેટ પ્રેમીઓ ખૂબ જ ઉત્સાહિત દેખાઈ રહ્યા છે. બીજી બાજુ શ્રીલંકાનું કેપ્ટનનું કહેવું છે કે ભારતીય ટીમ ઉપર જોરદાર દબાણ લાવવામાં આવશે. ટીમ મજબૂત દેખાવ કરવા તૈયાર છે. પાકિસ્તાન સામેની શ્રેણી બાદ શ્રીલંકાને વધારે સમય મળ્યો નથી. કોલંબોના હેમ્બાન્ટોટા ખાતે પ્રથમ વનડે મેચ રમાનાર છે. ભારતીય ટીમમાં તમામ ખેલાડીઓ શાનદાર ફોર્મમાં દેખાઈ રહ્યા છે. ભારતીય ટીમને આ શ્રેણી જીતીને વન-ડે રેન્કીંગમાં પ્રથમ સ્થાન મેળવી લેવાની પણ સુવર્ણતક રહેલી છે. જો ટીમ ઈન્ડિયા શ્રીલંકા સામેની શ્રેણી જીતી જશે તો રેન્કીંગમાં પ્રથમ સ્થાન હાંસલ કરશે. આ ઉપરાંત બેટીંગમાં પણ વિરાટ કોહલીને નંબર વન બનવાની તક રહેલી છે. ભારત પાંચ વનડે મેચોની શ્રેણી ૩-૨થી જીતી લેશે તો તે ઓસ્ટ્રેલિયાની પછડાટ આપી નંબર વન બની જશે. ઓસ્ટ્રેલિયાને તાજેતરમાં ૦-૪થી ઈંગ્લેન્ડ સામે હારનો સામનો કરવો પડ્યો હતો. આઈસીસી વનડે રેકિંગમાં ઓસ્ટ્રેલિયા લાંબા સમયથી નંબર વન છે. આ ગાળા દરમિયાન કોઈ ટીમે ઓસ્ટ્રેલિયાના શાસનને પડકાર ફેંક્યો હયો તો તે ટીમ આફ્રિકાની હતી. પરંતુ આફ્રિકાની ટીમ વચ્ચે વચ્ચેના ગાળામાં ફ્લોપ રહી હતી. વિરાટ કોહલી વનડે રેકિંગમાં પ્રથમ સ્થાને પહોંચી શકે છે. કોહલીના ૮૪૬ પોઈન્ટ છે. જ્યાર ડિવિલિયર્સના ૮૫૧ અને અમલાના ૮૭૧ પોઈન્ટ છે. પાંચ વન-ડે મેચોની શ્રેણીની શરૂઆતને લઈને સમગ્ર શ્રીલંકામાં ક્રિકેટ ફીવર જોવા મળે છે. સચિન તેંડુલકર અને યુવરાજ આ ટીમમાં રમી રહ્યા નથી જેથી શ્રીલંકાને થોડીક રાહત દેખાઈ રહી છે. બીજી બાજુ શ્રીલંકા પણ માને છે કે યુવા ક્રિકેટરો આક્રામક મૂડમાં છે.

મુંબઈમાં ઈસ્ટર્ન ફ્રીવે ઉપર બ્રીજનો હિસ્સો તૂટી પડ્યો



મુંબઈ, તા.૨૦

સેન્ટ્રલ મુંબઈમાં વડાલા ખાતે ઈસ્ટર્ન ફ્રીવે પર અંડર કન્સ્ટ્રક્સન બ્રીજનો એક હિસ્સો તૂટી પડતાં એકનું મોત થયું છે અને અન્ય પાંચ લોકો ઘાયલ થયા છે. સત્તાવાર સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે આ બનાવ મોડી રાત્રે ૧૧ વાગે બન્યો હતો એ વખતે નિર્માણ હેઠળ બ્રીજનો એક હિસ્સો નીચેથી પસાર થતાં વાહન ઉપર પડ્યો હતો. કાટમાળ હેઠળ કેટલાક લોકો ફસાઈ ગયા હતા. શરૂઆતમાં ફાયરબ્રિગેડના અધિકારીએ કહ્યું હતું કે બ્રીજનો એક હિસ્સો પડ્યો છે પરંતુ મોડેથી અધિકારીઓએ સ્પષ્ટતા કરી હતી કે દક્ષિણ મુંબઈ અને નવી મુંબઈને જોડતા ઈસ્ટર્ન ફ્રીવે ઉપર આ બનાવ બન્યો છે. ઘાયલ થયેલા તમામ છ લોકોને નજીકની હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં એકનું મોત થયું હતું. એમએમઆરબીએના પ્રવક્તાએ કહ્યું છે કે બનાવમાં તપાસ હાથ ધરવામાં આવી છે. દોષિતો સામે કઠોર પગલાં લેવામાં આવશે. ઈસ્ટર્ન ફ્રીવે પર બ્રીજનો એક હિસ્સો તૂટી પડતાં તંત્રમાં પણ ભાગદોડ મચી ગઈ હતી.

અમરનાથ યાત્રાના શ્રદ્ધાળુઓ અંગે ઉચ્ચસ્તરીય સમિતી બની

નવી દિલ્હી, તા.૨૦

અમરનાથ શ્રદ્ધાળુઓનો વધી રહેલા મોતના આંકડા અને રોકવાના હેતુસર પગલા સુચવવા સુપ્રીમ કોર્ટે આજે ઉચ્ચસ્તરીય સમીતિની રચના કરી હતી અને કહ્યું હતું કે આ એક કાયમી સમસ્યા બની ગઈ છે આનો નિકાલ લાવવામાં આવે તે જરૂરી છે. બીએસ ચૌવ્હાણ અને સ્વતંત્ર કુમારની બનેલી બેંચે આ કમિટીની રચના કરી છે. આ કમિટીને કેન્દ્ર અને જમ્મુ-કાશ્મીર સરકારના વરિષ્ઠ અધિકારીઓ સામેલ છે. આ ઉપરાંત સુરક્ષા દળો અને અમરનાથ મંદિર બોર્ડના સભ્યોને પણ સામેલ કરવામાં આવ્યા છે. અમરનાથ ગુફાની આસપાસ અને ગુફાની મુલાકાત લેવા આ કમિટીને કહેવામાં આવ્યું છે. સાથે સાથે શ્રીઅમરનાથ શ્રાઈન બોર્ડના ચેરમેન રહેલા અને જમ્મુ-કાશ્મીરના રાજ્યપાલને અહેવાલ આપવા કહેવામાં આવ્યું છે. શ્રીઅમરનાથ શ્રાઈન બોર્ડ વાર્ષીક અમરનાથ યાત્રા યોજવા માટે જવાબદાર છે. કમિટી દ્વારા કરવામાં આવેલી ભલામણોને ત્યારબાદ ૧૦મી ઓગસ્ટ સુધી સુપ્રીમ કોર્ટને સુપરત કરવામાં આવશે આ કેસ ૧૩મી ઓગસ્ટના દિવસે વધુ સુનાવણી માટે હાથ ધરવામાં આવશે. કોર્ટે શ્રદ્ધાળુઓના મોતના મિડીયા અહેવાલોને ધ્યાનમાં લઈને આ આદેશ આપ્યો છે.

આગવો માણસ - આપણો માણસ

• બીજા પાનાનું અનુસંધાન

પ્રતિભાના માલિક છે. તેઓ કુશળ ગૃહિણી, વત્સલ માતા, સફળ શિક્ષિકા, અગ્રણી મહિલા, અદભૂત અદાકારાં, જવાબદાર સમાજસેવિકા અને ગરીબોના બેલી છે. એક દસકાથી વધુ સમયથી તેઓ સિવિલ હોસ્પિટલની સદાવ્રતની પ્રવૃત્તિ પ્રત્યે વિશેષ સક્રિય રહ્યાં છે. પરિવારના સહકારની વાત કરતાં વિભાબહેન કહે છે કે મારા પતિને મારી આ પ્રવૃત્તિની જાણ થોડી મોડેથી થઈ. તેમણે ભરપૂર રાજીપો વ્યક્ત કર્યો. કોઈને ન નડવું એ પણ એક સેવા છે ! વિભાબહેનની પ્રવૃત્તિઓને બિરદાવતાં સ્વજનગૃહના સાથીદારો કહે છે કે કોઈને જમાડીને તેનો ઓડકાર સાંભળવો એ પણ એક લ્હાવો છે. અન્નના કોળિયા બદલે મળેલા આશીર્વાદ માણવાની મજા કંઈ ઓર છે ! અન્નદાન એ મહાદાન છે. વિભાબહેનને સ્વજનગૃહની ઈમારતના પાયાના પથ્થર ગણાવતાં મિત્રો કહે છે કે અન્નદાનની પ્રવૃત્તિઓ હિસાબ ઈશ્વરના દરબારમાં પણ અલાયદો રખાતો હશે ! (અહીં પણ સ્વજનગૃહના હિસાબો પારદર્શક રીતે રાખવામાં આવે છે.) ભાઈશ્રી નિલેન્દુ વોરા અને શશીકાન્ત મોઢા વિભાબહેનની ડાબી-જમણી ભૂજાઓ છે. આવાં ભૂજબળના સહારે જ વિભાબહેન ગાંધીનગરની સેવાપ્રવૃત્તિ પૈકીનું એક બળકટ નામ બની શકયાં છે.

ગુજરાતમાં આવેલા ભયાનક ભૂકંપને યાદ કરતાં વિભાબહેન કહે છે કે ત્યારે શરૂઆતના બે દિવસોમાં સ્વજનગૃહમાં ચારપાંચ હજાર માણસોનું રસોડું થતું હતું. પછી કેટલાક દિવસો સુધી એક હજાર માણસોની રસોઈ ચાલુ રહી. કચ્છમાં ફૂટપેકેટ્સ તૈયાર કરીનો મોકલ્યાં. ગરમ ધાબળાનું વિતરણ પણ કર્યું. બહુ મોટી જવાબદારી હતી પણ ઈશ્વરકૃપાથી પાર પાડી શકાઈ. સિવિલમાં ખૂટી પડેલાં ગાદલાંની સગવડ પણ વિભાબહેને કરી આપી. ગાંધીનગર જિલ્લામાં અચાનક આવી પડેલા કમોસમી વરસાદ તથા ફૂંકાયેલા વાવાઝોડા સમયે પણ વિભાબહેન આગળ આવ્યાં. શહેરની અન્ય સેવાભાવી સંસ્થાઓના સાથ સહકારથી અસરગ્રસ્તોનો ફૂડ પેકેટ્સ, રાહતસામગ્રી અને સાંજનું ભોજન પૂરાં પડાયાં. વિભાબહેન બિનવારસી લાશના અંતિમસંસ્કાર, રક્તદાન, ચક્ષુદાન, દેહદાન વસ્ત્રદાન, જરૂરતમંદોને શૈક્ષણિક તેમજ વૈદ્યકીય સહાય, વૃધ્ધો તથા બાળકો માટે લાયબ્રેરી તથા મનોરંજનની વ્યવસ્થા, સ્વજનો માટેની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને ધાર્મિક કાર્યક્રમોમાં સક્રિય રીતે યોગદાન આપી રહ્યાં છે. વસ્ત્રદાન દ્વારા જરૂરતમંદોની એબ ઢાંકતી અનોખી ક્લોથ બેન્ક હેઠળ સ્વજનગૃહ ખાતે કપડાં સહાય કેન્દ્ર પણ ચાલે છે. ફાટેલાં, વપરાયેલાં કે બિનઉપયોગી પડી રહેલાં કપડાં કે પાગરણ અહીં સ્વીકારાય છે. આવશ્યક સમારકામ કરીને તે વપરાશમાં લઈ શકાય તેવા બનાવીને જરૂરતમંદો સુધી પહોંચાડવાની અનોખી સેવાપ્રવૃત્તિના વિભાબહેન સહભાગી છે. ૨૦૦૭માં તત્કાલિન રાજ્યપાલશ્રીના હસ્તે ગાંધીનગરની આ સમાજસેવિકાનું બહુમાન થયું છે. વિભાબહેન પ્રવૃત્તિનો જીવ છે. વાંચનના શોખીન છે, અખબારો નિયમિત વાંચે છે. જીટીપીએલમાં પ્રોગ્રામર તરીકે નોકરી કરે છે. આ બધાં વચ્ચે વિભાબહેનની એક પ્રવૃત્તિ કદાચ બહુ ઓછા માણસોના ધ્યાનમાં આવી હશે ! પોતાના અત્યંત વ્યસ્ત શિડ્યુલમાંથી પણ થોડો સમય કાઢીને વિભાબહેન પોતાની કારમાં સિલાઈ મશીન, વિવિધ રંગના દોરાની કોકડીઓ અને જૂદા જૂદા રંગ અના માપના બટન વિગેર લઈને ઝૂંપડપટ્ટી વિસ્તારમાં પહોંચી જાયછે. મશીન કોઈના ઘરઆંગણે કે ચોકમાં ઉતારીને સિલાઈ કરવા બેસી જાય છે. ગરીબ અને મજૂર વર્ગના ફાટેલા તૂટેલા કપડાને સરખાં કરી આપે છે, વ્યવસ્થિત થીગડાં મારી આપે છે, તૂટેલાં બટન ટાંકી આપે છે..! કોઈને કલ્પનામાં પણ ન આવે તેવી સેવાનો આ અનોખો વિચાર વિભાબહેનને કેવી રીતે સ્ફૂર્યો હશે ? (રામ જાણે !) વિભાબહેન ધારે તો આ સ્વજનગૃહનો હજી ઘણો વિકાસ કરી શકે તેમ છે પણ તેઓ દુઃખ સાથે કહે છે કે આ જગતમાં નિઃસ્વાર્થ સેવકો અને પ્રામાણિક ઈન્સાનો દિવસે દિવસે ઓછા થતાં જાય છે. ક્યારેક પોતાની હાજરી નહીં હોય ત્યારે આ સંસ્થાનું શું થશે તેવા ભયાવહ ખ્યાલના ઓછાયા નીચે તેઓ પોતાની સંસ્થાના વિસ્તૃતિકરણનો વિચાર સુધ્ધાં માંડી વાળે છે. બળજબરીથી લેવામાં આવતું કામ અને સ્વેચ્છાએ અપાતી સેવામાં આભજમીનનું અંતર છે. સ્વૈચ્છિક રીતે કરાતી સેવાને પોતાની આગવી સુગંધ હોય છે ! ભરપૂર સુગંધનો આ બાગ અને તેના બાગબાન શ્રીમતી વિભાબહેન ઠક્કરને મળીને સાચ્ચે જ પ્રભાવિત થઈ જવાય તેવું છે. હળાહળ કળિયુગમાં સેવાના ગાંડપણ સાથે જીવતી આ પરોપકારી સન્નારીનું અસામાન્ય કદ તેને આગવા માણસની પ્રતિભા તરીકે ઓળખાવવા માટે પર્યાપ્ત છે.

વિચારકણિકા : વૈષ્ણવજન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે,
પરદુઃખે ઉપકાર કરે તો યે મન અભિમાન ન આણે રે..

ઉદ્ધવ ઠાકરે પર સફળરીતે એંજિયોપ્લાસ્ટીથી રાહત

મુંબઈ, તા.૨૦

છાતીમાં દુખાવાની તકલીફનો સામનો કરી રહેલા ઉદ્ધવ ઠાકરે પર આજે એંજિયોપ્લાસ્ટીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. લીલાવતી હોસ્પિટલમાં નિષ્ણાંત તબીબોએ એંજિયોપ્લાસ્ટી કરી હતી. આ ગાળા દરમિયાન શિવસેનાના તમામ ટોચના નેતાઓ ઉપસ્થીત રહ્યા હતા. આ ઉપરાંત રાજ ઠાકરે પણ ઉપસ્થીત રહ્યા હતા. છાતીમાં દુખાવાના કારણે ઉદ્ધવને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં એંજિયોગ્રાફી બાદ તેમની ત્રણ હાર્ટ ધમનીમાં બ્લોકેજની સ્થિતી જોવા મળી હતી. તબીબોએ એંજિયોપ્લાસ્ટી અથવા તો બાયપાસ સર્જરી કરાવવાની સલાહ આપી હતી.

હરાજી મારફત જ સેઈલમાં ડિસઈનવેસ્ટમેન્ટને મંજુરી

નવીદિલ્હી, તા.૨૦

સરકારે સ્ટીલ ઑથોરિટી ઓફ ઈન્ડિયામાં ૧૦.૮૨ ટકાનાં ડિસઈન્વેસ્ટમેન્ટને આજે લીલીઝંડી આપી દીધી હતી.

આર્થિક બાબતો અંગેની કેબિનેટ સમિતિએ હરાજીરૂટ મારફતે સેલમાં હિસ્સેદારી વેચાણને લીલીઝંડી આપી હતી. આજે સત્તાવાર યાદીમાં જણાવવામાં આવ્યું હતું કે, આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ લાંબાગાળા બાદ આને મંજુરી આપી છે. હિસ્સેદારી વેચાણથી ૪૦૦૦ કરોડ રૂપિયા ઉભા કરવામાં આવશે. સ્થાનિક શેરબજારમાં કંપનીના શેરની કિંમત મુજબ ૪૦૦૦ કરોડ રૂપિયા મળશે. આ ડિસઈન્વેસ્ટમેન્ટ બાદ દેશની સૌથી મોટી સ્ટીલ બનાવતી કંપની સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયામાં સરકારની હિસ્સેદારી ઘટીને ૭૫ ટકા થઈ જશે. હાલમાં હિસ્સેદારી ૮૫.૮૨ ટકાની આસપાસ છે. આર્થિક બાબતોની કેબિનેટ સમિતિએ ગઈકાલ સાંજે યોજાયેલી બેઠકમાં ડિસઈન્વેસ્ટમેન્ટ વિભાગ દ્વારા નક્કી કરવામાં આવેલી દરખાસ્તને મંજુરી આપી હતી. સેઈલમાં સરકારની દરખાસ્ત ખૂબજ મહત્વપૂર્ણ છે. સરકારી કંપનીઓમાં ડિસઈન્વેસ્ટમેન્ટ મારફતે વર્તમાન નાણાંકીય વર્ષમાં ૩૦૦૦૦ કરોડ ઉભા કરવાની યોજના ધરાવે છે. બજારની નિરાશાજનક સ્થિતિનાં કારણે વર્તમાન નાણાંકીય વર્ષમાં સરકારે ડિસઈન્વેસ્ટમેન્ટનાં કાર્યક્રમને ઝડપથી આગળ વધાર્યો નથી. રાષ્ટ્રીય ઈસ્પાત નિગમનાં આઈપીઓને અટકાવી દેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે કારણ કે બજારમાં ભારે ઉથલપાથલનો સમય છે. હિંદુસ્તાન એરોનોટિક્સ, ભેલ, નેશનલ એલ્યુમિનિયમ કંપની, હિંદુસ્તાન કોપર અને ઓઈલ ઈન્ડિયા પણ અન્ય પીએસયુ છે જેમાં સરકાર ડિસઈન્વેસ્ટમેન્ટની યોજના ધરાવે છે.